Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश

# JAIN DHARAMA PRAKASH.

પુસ્તક ૬ ઠું વૈશાક શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક. ૨ જો

मालिनीवृत्तम्.

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नः
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वितरागस्त्वमेव ॥ १ ॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શક ૧૮૧૧. અને ૧૮૯૦

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧-૦-૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જુદું
છુટક અંક એકના રૂ ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | પ્રશ્નોત્તર (લખનાર મુનિરાજ શ્રીઆત્મારામજી) | ૧૭ |
| ૨ | સત્સંગતિ | ૨૦ |
| ૩ | સામાયિક | ૨૨ |
| ૪ | અમરદત્ત અને મિત્રાનંદ | ૨૯ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ સાન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપૂર્વક વાંચી યથાશક્તી ધર્મકાર્યમાં પ્રવર્ત્તવું.

## ગ્રાહકોને ભેટ.

# रतिसार कुमारनुं चरित्र.

જે ગ્રાહકો તરફથી લવાજમ મળેલું છે તેમને સદરહુ ભેટની બુકો મોકલાવી દીધી છે. જે ગ્રાહકોએ તેનું પોસ્ટેજ મોકલ્યું ન હોય તેમણે એક ટીકીટ મોકલીને બુક મંગાવી લેવી. અદ્યાપિ પર્યંત લવાજમ મોકલાવવાની આળસ કરનાર ગ્રાહકો પણ આ ચાલુ થયેલા વર્ષના લવાજમ સાથે એક ટીકીટ વધારે મોકલશે તો હજી એક માસ પર્યંત સદરહુ બુકનો લાભ આપશું.

ખરિદ કરવા ઈચ્છિનારે દરેક બુકના ચાર આના મોકલવા પરદેશવાળાને પોસ્ટેજ માફ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAIN DARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટ્યું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું. શક ૧૮૧૨. વૈશાક શુદિ ૧૫. વીર સંવત ૨૪૧૬ અંક ૨ જો

श्री जैन धर्मो जयतितराम्.

## प्रश्नोत्तर.

### अनेक गुण संपन्न श्रीमन्महाराज श्री आत्मारामजी (आनंदविजयजी) ए बंगाळानी एशीयाटीक सोसैटीना सेक्रेटरी डाक्तर होर्नलना प्रश्नोना आपेला उत्तरो.

પાછલા અંકોમાં દર્શાવ્યા પ્રમાણેનો પત્ર વ્યવહાર ચાલતાં શ્રીમન્મહારાજશ્રી આત્મારામજી (આનંદવિજયજી) તરફથી ઉપકેશ ગચ્છની પટ્ટાવળી ઉતરાવીને મોકલાવવા ઉપરથી તે સંબંધી પ્રશ્નો હિંદુસ્થાની ભાષામાં લખાઈ આવેલા તે એક સાથે ન લખતાં વાચક વર્ગની સુગમતાને ખાતર તેના ઉત્તર જે મહારાજશ્રીએ મોકલેલા તે દરેક પ્રશ્નો અને દરેક ઉત્તરો અસલ ભાષામાં આ નીચે દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ પ્રશ્ન—ઉપકેશ ગચ્છકી પટ્ટાવળી મેં યહ લિખાહૈકે 'કુકુદાચાર્યને બારા વર્ષ પર્યંત षष्टतपंआचाम्लसहितं કીયા ઈનશબ્દોકા કયા અર્થ હૈ? ઔર યહ કયા ક્રિયા હૈ?

ઉત્તર—आचाम्ल યહ જો શબ્દ હૈ સો જૈનમત કે શાસ્ત્રોકા પારિભાષિક(સાંકેતિક)શબ્દ હૈ.ઈસકા અર્થ યહ હૈ કે आच–आम्ल આચ કેહેતાં આશ્રવણ શાકભાજી આદિ ઉવાલ કે જો પાણી કાઢના–સોઈ હૈ અમ્લ=તરકારી રૂખે ભોજનકી સાથ–તિસકા નામ આચામ્લ કહેતે હૈ. ભાવાર્થ યહ હૈ કે રૂખા ભોજન પાની કે સાથ ભીજો કે અષ્ટપહરમેં એકહિ બખત ખાના સોભી દિનમેં ખાના, રાત્રિકો નહીં ઈનકા નામ આચામ્લ કહેતે હૈ. દોદિનકા ઉપવાસ એક સાથ કરના ઉનકા નામ છઠ્ઠ કહેતેહૈ. ઔર છઠ કે પારણે મેં અર્થાત્ તિસરે દિનમેં પૂર્વોક્ત રીતિસેં આચામ્લ કરના, આચામ્લસેં દૂસરે દિન ફેર છઠ કરના, ફેર પારણેવાળે દિન આચામ્લ ઈસરીતિસેં કરના ઉનકું षष्टतपंआचाम्लसहितं કહેતે હૈ. ઐસા તપ બારાવર્ષ તક નિરંતર કુકુદાચાર્યને કીયા હૈ.

૨ પ્રશ્ન—ઉસી પટ્ટાવળીમેં શોભક શેઠકે દૃષ્ટાંતમેં वृद्ध गणेश ઔર सष्यणा चारे हतो न भविष्यति લિખા હૈ. ઉસકા કયા અર્થ હૈ?

ઉત્તર—જો સાધુ જ્ઞાનવાન હોતે હૈ અરૂ આચાર્યકી આજ્ઞાસેં પાંચ સાત સાધુઓંકું લેકર અલગ વિચરતે હૈ ઉનકું गणेश કહેતે હૈ. ઐસે ઐસેં ગણેશ એક ગચ્છમેં બહોત હોતે હૈ ઉનમેંસે જો બડા હોવે અર્થાત્ જિસકું પ્રથમ ગણેશ પદ્વી દી ગઈ હોવે ઉનકું वृद्ध गणेश કહેતેહૈ.

ઔર सष्यणा चारे हतो न भविष्यति યહ પાઠ હમકોં અશુદ્ધ માલૂમ હોતા હૈ. હમારે જાણનેમેં તો ઇસ સ્થાનમેં सोष्यनाचारे हतो न भविष्यतिઐસા પાઠ ચાહીએ જિસકા અર્થ બરાબર સમજમેં આ શકતા હૈ.

૩ પ્રશ્ન—ઉસી પટ્ટાવળી મેં ૪૨ મેં આચાર્ય સિદ્ધસૂરિકોં विसावि स्वोपक કહે હૈ ઈસ ઇસકાબકા કયા અર્થ હૈ?

ઉત્તર—યહ એક સાંકેતિક શબ્દ હૈ. ભાવાર્થ યહ હૈ કે જિસકે શરીરમેં અરૂ આત્મા મેં સંપૂર્ણ આચાર્ય કે જૈસે લક્ષણ ચાહિયે વૈસેહિ લક્ષણ અરૂ ગુણ હોવે ઉસકું वीस विश्वोपक કહેતેહૈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ પ્રશ્ન—ઉસીપટ્ટાવલી મેં લિખા હૈ કે ૪૩ મેં આચાર્ય કક્ક સૂરિને पंच प्रमाणગ્રંથ બનાયે હૈ યહ પુસ્તક ક્યા હાલમેં હૈ યા નહીં ? જો હૈ તો ઉસમેં ક્યા બાબત લિખી હૈ ? અરૂ મુજકો ઉસકી નક્કલ મિલ શકતી હૈ ?

ઉત્તર—યહ પુસ્તક હમારે દેખનેમેં આજ તલક નહી આયા હૈ.

૫ પ્રશ્ન—ઉસીપટ્ટાવળીમેં पट्टमहोत्सव લિખા હૈસો ક્યા હૈ ?

ઊત્તર—જિન મંદીરમેં આઠ દિન તાંઈ પૂજન કિયા જાતા હૈ અરૂ ચતુર્વિધ સંઘ એકઠ્ઠા હોતા હૈ ઉસ બખત ગુરૂ શિષ્યકે કાનમેં ગુરૂ પરંપરાકા મંત્ર સૂનાતે હૈ. મંત્ર સૂનાયે પિછે વાસક્ષેપ ડાલને મેં આતા હૈ. ઈત્યાદિ ક્રિયા કરને મેં આતી હૈ તિસકા નામ पट्टमहोत्सव કહેતે હૈ.

૬ પ્રશ્ન—ઊસીપટ્ટાવળી મેં યહ શબ્દ આતા હૈ—तद्वचनादेशे सप्तक्षेत्रे व्ययोकृतः યહ સપ્તક્ષેત્ર ક્યા હૈ?

ઊત્તર—જિનમંદીર, જિનપ્રતિમા અરૂ જ્ઞાનકેપુસ્તક ઈનતીનોકું
૧ ૨ ૩
નવીન બનાવને; સાધુ સાધ્વીકું અન્ન, પાની, વસ્ત્રાદિક દાન દેના અરૂ શ્રા-
૪ ૫
વક શ્રાવિકાકું યથાયોગ્ય ધનાદિ દેના ઈસકા નામ સપ્તક્ષેત્રમેં ધન વ્યય ક-
૬ ૭
રના કહેતેહૈ.

૭ પ્રશ્ન—ઊસી પટ્ટાવળીમેં श्री आदिनाथस्यषष्टोद्धारस्य ઈન શબ્દોકા ક્યા અર્થ હૈ?

ઉત્તર—જૈનમતમેં ઐસે લેખ હૈ કે ઋષભ દેવ સેંલેકર ઔરંગઝેબ બાદશાહ કે બેટે બાદર બાદશાહ કે બખત પર્યંત ૧૬ વખત શત્રુંજય પર્વત કે ઉપર બડે ઉદ્ધાર હોયે હૈ. અરૂ છોટે અસંખ્ય હોયે હૈ તિનમેંસે છટ્ઠે ઉદ્ધારકે વખતકી જો ઋષભદેવ ભગવાનકી પ્રતિમાથી વો સતમે ઉદ્ધારકે સમયમેં પર્વતકી ગુપ્ત ગુફામેં રખી ગઈથી. જબ સમરાશાને ૧૫ મા ઉદ્ધાર કરાયા તબ સિદ્ધસુરીસેં વિનતી કરી કે મુજકોં છટ્ઠે ઉદ્ધારકી પ્રતિમા ગુફાસેં નીકળવા દો. તબ ઊન આચાર્યને વ્હાંસે નિકળવા દી અરૂ સમરાશાને વો શત્રુંજય ઉપર સ્થાપન કરી.

ઉદ્ધાર ઊસકું કહેતે હૈ કે બહોત ધન ખર્ચકે જો પૂરાણે સબ મંદિરોંકું આદસેં નવે બનવાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सत्संगति.

સુજ્ઞજનો નિરંતર સત્સંગતિને શોધતા ફરે છે. સત્સંગતિ પ્રાણીને અત્યંત લાભકારક થાય છે. જેનો સંગ કરવાથી શુભ માર્ગે જોડાવાનું બને છે તેને સત્સંગતિ કહે છે અને જેનો સંગ કરવાથી ઉન્માર્ગે જોડાવાનું બને છે તેને દુઃસંગતિ કહે છે. સત્સંગતિ મુનિ મહારાજાનો અને ધર્મિષ્ટ શ્રાવકનો સંગ કરવો તેનું નામ છે એ બંને સંગ પ્રાણીને અવશ્ય કરવા યોગ્ય છે. જેઓ તે બંને સંગથી પરાંઙ્મુખ હોય છે તેઓ આ સંસારનેવિષે ખુંચી જઈને પ્રાંતે દુર્ગતિગામી થાય છે. અને જો તે બંને પ્રકારના ઉત્તમ સંગને વિષે જોડાએલ રહે છે તો સંસારના કાર્ય કરતો સતોપણ ન્યારાપણું ધારણ કરીને યથાશક્તિ ધર્મ કાર્યમાં જોડાઈને પ્રાંતે સદ્ગતિનું ભાજન થાય છે. ઉત્તમ જનનો સંગ પ્રાણીને કેટલા લાભ ઉત્પન્ન કરે છે જે વિષે એક જૈન કવિ કહે છે કે—

हरतिकुमतिंभिंत्तेमोहंकरोतिविवेकितां
नितरातिरतिंसूतेनीतिंतनोतिगुणावलिं
प्रथयतियशोधत्तेधर्मंव्यपोहतिदुर्गतिं
जनयतिनृणांकिंनाभीष्टंगुणोत्तमसंगमं ॥ १ ॥

ભાવાર્થ—મનુષ્યોને ગુણેકરીને ઉત્તમ એવા જનોનો સંગમ શું શું વાંછિતને નથી પૂરતો અર્થાત્ સર્વ પ્રકારના વાંછિત પૂરે છે. કુમતિને હરણ કરે છે, અજ્ઞાનનું વિદારણ કરે છે, વિવેકીપણાને ઉત્પન્ન કરે છે, સંતોષને આપે છે. નીતિને ઉપજાવે છે. ગુણની શ્રેણી પ્રકટ કરે છે, યશનો વિસ્તાર કરે છે, ધર્મને ધારણ કરે છે અને દુર્ગતિના નાશ કરે છે અર્થાત્ ઉત્તમ જનોનો સંગ સર્વ પ્રકારના અભીષ્ટ પૂરે છે.

વળી કહ્યું છે કે—

लब्धुंबुद्धिकलापमापदमपाकर्तुंविहर्तुंपथि
प्राप्तुंकीर्त्तिमसाधुतां विधुवितुं धर्मंसमासेवितुं
रोद्धुंपापविपाकमाकलयितुंस्वर्गापवर्गश्रियं
चेत्त्वंचित्तसमीहसेगुणवतां संगंतदंगीकुरु ॥ २ ॥

For Private And Personal Use Only

ભાવાર્થ—બુદ્ધિનો સમુહ પામવાને, આપદાનો નાશ કરવાને, ન્યાય માર્ગમાં વિચરવાને, કીર્તિ પ્રાપ્ત કરવાને, અસૌજન્યને સ્ફેટન કરવાને, ધર્મની સમાલોચના કરવાને, પાપવિપાકનો રોધ કરવાને, અને સ્વર્ગ તથા મોક્ષ લક્ષ્મીનો ઉપભોગ કરવાને જો તું ઈચ્છા કરતો હોય તો ગુણવંતનો સંગ અંગીકાર કર.

ઉપરના બે શ્લોક ઉપરથી ગુણવંતનો સંગ કેટલો લાભ કરે છે તે જણાઈ આવે છે. ગુણવંતના સંગ શિવાય જે પ્રાણી કલ્યાણની વાંછા કરે છે તેનું કોઈ પ્રકારે કલ્યાણ થતું નથી. કહ્યું છે કે જે પ્રાણી ગુણીજનના સંગ શિવાય કલ્યાણને ઈચ્છે છે તે નિર્દયપણે પુન્યને વાંછે છે, અન્યાય કરતો સતો કીર્તિને વાંછે છે. પ્રમાદી રહ્યો સતો ધનને વાંછે છે. બુદ્ધિવિનાનો છતાં કાવ્ય કરવા ઈચ્છે છે, ઉપશમ અને દયા શિવાય તપના ફળને વાંછે છે, તુચ્છમતિવાળો છતાં શાસ્ત્ર પઠન કરવાને ઈચ્છે છે, નેત્ર વિનાનો છતાં ઘટપટાદિ વસ્તુઓને જોવાની ઈચ્છા કરે છે અને ચળ ચિત્તવાળો છતાં ધ્યાન કરવા ઈચ્છે છે અર્થાત્ એ સઘળા વાના જેમ બનતાં નથી તેમ ગુણીજનના સંગમ શિવાય કલ્યાણ થતુંજ નથી.

ગુણી જનના સંગમાં ઉપર બે ભેદ બતાવ્યા છે, એક મુનિમહારાજાનો સંગ અને બીજો ધર્મીષ્ટ શ્રાવકનો સંગ, પ્રાણીઓ આ સંસારને વિષે અનેક પ્રકારની મોહજાળમાં લપેટાઈને ખુંચી રહ્યા છે. કોઇ તો રાત દિવસ દ્રવ્ય મેળવવામાં તત્પર રહે છે, કોઈ પુત્ર વાંછામાં લાગ્યો રહેછે; કોઈ સ્ત્રી સેવામાં તત્પર રહે છે, કોઈ કુટુંબ વર્ગના સાંસારિક પાપકારી કાર્યો કરી આપવામાં ગુંથાયેલો રહે છે અને કોઈ બીજી અનેક પ્રકારની વાંછનામાં પ્રવૃત્ત રહ્યો છતો આત્મપણે મોહ જાળમાં મુંઝાઈ રહેલ હોય છે. તેવા વખતમાં તે સંસારના મોહમાંથી ન્યારો રાખવાને માટે ગુણીજનનો સંગમ સમર્થ છે અન્યથા અવશ્ય તે સાંસારિક કાર્યોમાં મગ્ન રહ્યો સતો દુર્ગતિજ પ્રાપ્ત કરે છે. તેવે પ્રસંગે જો મુનિમહારાજાનો સંગ હોય અને નિરંતર જો એક વખત પણ તેમના વંદન નિમિત્તેજવાનો પરિચય હોય તો અનેક પ્રકારનો સદુપદેશ શ્રવણ કરવાથી ચિત્તવૃત્તિ કોમળ થાય છે, પાપ કાર્યથી દૂર રહેવા ઈચ્છા થાય છે, સંસારથી ઉદ્વિગ્નતા થાય છે, અને સંસારિક કાર્યોમાં રાચવા પણું કમી થાય છે તેમજ બીજા પણ અનેક પ્રકારના લાભ થાય છે. ધર્મીષ્ટ શ્રાવકનો પ્રસંગ હોય છે તો તે પણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે જ્યારે સાંસારિક કાર્યોમાં બહુજ પ્રવૃત્ત થઈ ગએલ દેખે છે ત્યારે ત્યારે અનેક પ્રકારના ઊદાહરણોવડે સંસારની અનિત્યતા સમજાવે છે, સાંસારિક કાર્યોમાં અત્યંત રાચવાથી થતા પાપકર્મના બંધને પ્રકટ કરે છે, સ્વજન કુટુંબને અર્થે પણ બાંધેલ પાપકર્મને તારે એકલાએજ ભોગવવું પડશે એમ લક્ષમાં લાવે છે, સંસારના કાર્યો ભવે ભવને વિષે કર્યા છતાં તેનાથી તૃપ્તિ ન પામ્યાનું સમજાવે છે અને છેવટે હરેક પ્રકારે સંસારથી ઊદ્વિગ્નપણું કરાવીને સાંસારિક પાપકારી કાર્યોથી પરાઙ્મુખ કરે છે. આ પ્રમાણે તે બંને પ્રકારના સંગ અત્યંત લાભકારક છે જેનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. એવા મહા ઉત્તમ અને આ લોક તથા પરલોક બંનેમાં હિત કરનાર સત્સંગતિના લાભનું તો શું કહેવું પરંતુ નીતિ નિપૂણ સન્મિત્રનો સંગપણ અનેક પ્રકારના લાભ કરે છે. કહ્યું છે કે—

पापान्निवारयतियोजयतेहिताय
गुह्यानिगूहतिगुणान्प्रकटीकरोति
आपद्गतंचनजहातिददातिकाले
सन्मित्रलक्षणमिदंप्रवदंतिसंतः ॥

ભાવાર્થ—પાપનું નિવારણ કરે છે, હિતને માટે યોજના કરે છે,ગુહ્ય વાતને ગોપવે છે, ગુણને પ્રકટ કરે છે, આપત્તિમાં પડતાં છતાં પણ તજતો નથી અને યોગ્ય સમયે જે જોઈએ તે આપે છે. સન્મિત્રનાં લક્ષણ આવાં હોય છે એમ સંત પુરૂષો કહે છે.

વિચાર કરો કે જ્યારે સન્મિત્ર પણ આવા આવા લાભ કરે છે તો પૂર્વોક્ત ઉત્તમ સંગતો કેટલા લાભને ઊત્પન્ન કરે? અર્થાત્ અનેક લાભ ઊત્પન્ન કરે એમાં કિંચિત્ પણ આશ્ચર્ય નથી માટે સ્વહિતાકાંક્ષી જનોએ અવશ્ય ઉત્તમ જનોનો સંગ કરવો જેથી આ લોક અને પરલોક બંનેનું હિત થાય અને સદ્ગતિના ભાજન થઈ શકાય. તથાસ્તુ.

# सामायिक.

સામાયિક એ શ્રાવકોને નિરંતર આચરણીય [illegible] છે. શ્રાવકોને અંગીકાર કરવાના બારવ્રત માંહે સામાયિક એ નવમું છે અને એ શિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાવ્રત ગણાય છે. એ વ્રત તેની પૂર્વે કહેલા આઠ વ્રતને અનેઆત્મગુણને પુષ્ટિ કરનાર, અવિરતિ કષાયમાં તદાત્મભાવે ભળેલી અનાદિ અશુદ્ધતા—જે વિભાવ પરિણામની—ટેવ તેને મટાડનાર, આત્મિક ગુણનો અનુભવ કરાવનાર અને સહજસ્વરૂપ રસાસ્વાદની મજા પ્રાપ્ત કરાવનાર છે.

સામાયિક—આર્તરૌદ્ર ધ્યાનની પરિણતિ રૂપ ક્રિયા તે અશુભ સાવદ્ય વ્યાપાર તેનો ત્યાગ કરી આત્માને સમતા પરિણામમાં રાખે તે અથવા समस्य आयो लाभःसमायःसएव सामायिकं એટલે. રાગદ્વેષે રહીત જીવને જ્ઞાનદર્શન અને ચારિત્રનો આય એટલે લાભ પ્રાપ્ત થાય તેને સામાયિક કહીએ

શાસ્ત્રકાર તેના ચાર ભેદ કહે છે—૧ અમુક પાઠનું અધ્યયન કરી સંપૂર્ણ મુખપાઠ કરીને ઉઠવાનો નિયમ કરી બેસવું એ શ્રુતસામાયિક ૨. શુદ્ધ સમકિત પાળવું તે સમકિત સામાયિક. ૩ બેઘડી પ્રમાણ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી બેસવું તે દેશવિરતિ સામાયિક. ૪ સર્વવિરતિ સામાયિક જે સાધુ મુનિરાજ પાળે છે તે ચારિત્ર સામાયિક.

પ્રસ્તુત વિષયએ દેશવિરતિ સામાયિકનો છે. દિવસનો સમગ્ર ભાગ અશુભક્રિયા, પાપારંભ, અશુભધ્યાન વિગેરેએ પરિપૂર્ણ સંસારી કાર્યોમાં ગાળતાં તેમાંથી બને તેટલો વખત બચાવી તે સમયમાં સામાયિકાદિ શુભક્રિયાઓ કરવી એ ઉત્તમ જનોને ભુષણરૂપ અને સંસારનો ક્ષય કરવાને સાધનરૂપ છે. ધર્માર્થીજનોની એ ફરજ છે, શ્રાવકોની એ મુખ્ય કરણીછે, અને તેનાથી ઘણા પ્રકારના લાભની પ્રાપ્તિ છે. કારણ કે સામાયિક એ મુનિભાવની વાનકી અથવા નિશાની છે. અનાદિકાળના સંસાર પરિભ્રમણથી નિર્ગમ કરવાને કેડો જોઈએ છે. માટે જે મોક્ષાર્થીજન હોય તે બેઘડી આત્મસ્વરૂપ સન્મુખ ચેતના કરીને, સહજ સ્વરૂપની ચાહના ધરીને અને સકળ સાવદ્ય ત્રિકરણ યોગે તજીને સામાયિક કરે. એક સામાયિકનો સમય શાસ્ત્રકારે બે ઘડી પ્રમાણ કહ્યો છે. બે ઘડી પર્યંત સર્વ ઇષ્ટાનિષ્ટ વસ્તુને વિષે સમપરિણામ રાખે—સર્વ જીવને પોતાના આત્મા સમાન ગણે. એ સામાયિક ક્રિયાનું રહસ્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે.

निंद पसंसासुसमो, समोय माणावमाणकारीसु;
सम सयण परजणमणो, सामाइय संगओजीवो. १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो समो सव्वभूएसु, तसेसु थावरेसुय;
तस्स सामाइयं होइ, इमं केवलिभासियं. २

ભાવાર્થ—કોઈ નિંદા કરે, કોઇ પ્રશંસા કરે, કોઇ માન કરે, કોઈ અપમાન કરે તોપણ સામાયિકમાં બેઠા પછી સમતારૂપ શુભ પરિણામ રાખે, સ્વજન તથા પરજનની ઉપર સમભાવ રાખે તેને સામાયિકી જીવ જાણવો. સર્વ પ્રાણીમાત્ર જે ત્રસ તથા થાવર જીવો છે તેને વિષે સમતા પરિણામ રાખે તેને સામાયિક શુદ્ધ હોય એમ કેવળી ભગવંતે કહ્યું છે.

सामाइयं तु काउं, गिहकज्जं जोवि चिंतएसड्ढो
आत्तरुद्दोवगओ, नीरथ्यं तस्स सामाइयं ॥ ३ ॥

જે મનુષ્ય આર્ત્ત રૌદ્ર ધ્યાનને વશ પડી સામાયિક કરે, સામાયિકમાં ઘર સંબંધી સાવદ્ય કામચિંતવે તેનું સામાયિક નિરર્થક હોય.

માટે જે પ્રાણી આર્ત્તરૌદ્ર ધ્યાન ન ધ્યાવે અને શુક્લ તથા ધર્મ ધ્યાન ધ્યાવે તે પ્રાણીનું સામાયિક શુદ્ધ જાણવું. શાસ્ત્રકારે વ્યવહાર નયથી એ પ્રમાણે સામાયિકનું સ્વરૂપ કહ્યું છે. નિશ્ચય મતે તો શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—

अप्पा सामाइयं अप्पा सामायियस्स अठ्ठा

ઈત્યાદિ—આત્માજ સામાયક છે અને સામાયકનો અર્થ પણ આત્માજ છે નિજ શુદ્ધ સ્વરૂપ ભાવમાં રહ્યો આત્મા, ઉપશમ જળેકરી રાગદ્વેષરૂપ મેલને ધોઈ નાખે–આત્મ પરિણતિ આદરે પરપરિણતિ નિવારે તેને નિશ્ચય સામાયિક કહીયે. એની ઉપર શુભ દ્રષ્ટિ રાખીને વ્યવહાર સામાયિક પાળવું. કારણ કે વ્યવહાર તે બળવંત છે. તેરમા ગુણઠાણાસુધી જે જીવ વ્યવહારરૂપ ઘોડા ઉપર ચડી સંસારરૂપ અટવીનું ઉલ્લંઘન કરી જે વારે ગ્રહપ્રત્યે પહોંચે ત્યાંસુધી ઘોડો જોઈએ. પછી મહેલ ઉપર ચડે ત્યારે ઘોડાનું કામ ન પડે. એ પ્રમાણે વ્યવહાર એ ઘોડાની પેરે સાધક છે. માટે તેને છોડી દેવો ન જોઈએ.

એમ સામાયિક કરતા સાવદ્ય વ્યાપારનો ત્યાગ થાય માટે સામાયિક એ શ્રેષ્ઠ ક્રિયા છે. એ વ્રત ઉદયે આવવું મહા દુર્લભ છે. દેવતાઓ પણ પોતાના હૃદયમાં સામાયિકની સામગ્રી મેળવવા ઈચ્છા કરે છે—જે એક મુહૂર્ત માત્ર સામાયિક કરવું ઉદય આવે તો મ્હારૂં દેવપણું સફળ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય. એ માટે શ્રાવકોએ મનુષ્ય ભવ પામી શુદ્ધ સામાયિક કરવા ઉદ્યમવંત થવું.

તે સામાયિક કરવાની શ્રદ્ધાવાળા શ્રાવકો બે પ્રકારના હોય. જે રાજા મંત્રી, સમર્થ વ્યવહારી આદિ રીદ્ધિવંત શ્રાવકો હોય તે તો મોટા આડંબરથી આદરસહિત ઉપાશ્રયે મુનિમહારાજા સમીપે આવીને સામાયિક કરે જેથી શાસનની શોભામાં વૃદ્ધિ થાય. તેને લીધે બીજા અનેક માણસો તે શુભ ક્રિયાની પ્રવૃત્તિમાં ઉદ્યુક્ત થાય અને જે સામાન્ય મનુષ્ય હોય તે ઉપાશ્રયે, પૌષધશાળાએ, જિનમંદિરમાં અથવા પોતાના ઘરમાં એકાંત સ્થાનકે બેસીને સામાયિક કરે. પરંતુ ઉત્તમ મનુષ્યે જેમ પોતાને ફુરસદ હોય તેમ અથવા તો ફુરસદ મેળવીને પણ દિવસ પ્રત્યે પોતાથી બને તેટલા સામાયિક કરવા.

કેટલાએક દિન પ્રત્યે ઉભય કાળજ એટલે એક દિવસમાં બેજ સામાયિક કરવાનું કહે છે પણ તે શાસ્ત્રોક્ત નથી કારણ કે સામાયિક કરનાર શ્રાવકને તેટલા સમયને માટે સાધુ સમાન કહેલ છે આવશ્યક ચૂર્ણી અને પ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોમાં શ્રાવકને વારંવાર સામાયિક કરવાનું કહ્યું છે

सामाइअ पोसह संठिअस्स, जीवस्सजाइ जोकालो;
सो सफलोबोधव्वो, सेसो संसार फल हेऊ॥

અર્થ--સામાયિક તથા પૌષધને વિષે ।ણીનો જે કાળ જાય તે સફળ જાણવો અને શેષ કાળ જે છે તે સંસાર ઉપાર્જન કરવાને કારણભૂત છે.

વળી સામાયિક પારવાના સૂત્રમાં કહ્યું છે કે--

सामाइअ वयजुत्तो, जावमणे होय नियम संजुत्तो;
छिन्नइ असुहं कम्मं, सामाइअ जत्तिआवारा. १
सामाइअंमि उ कए, समणो इव सावउ हवइ जम्हा;
एएण कारणेणं, बहुसो सामाइअं कुज्जा. २

ભાવાર્થ—જ્યાં સુધી જીવ સાવદ્ય વ્યાપારના પચ્ચખાણનેવિષે સંયુક્ત હોય વળી સામાયિક વ્રતનેવિષે સંયુક્ત હોય ત્યાં સુધી એ અશુભ કર્મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેદે; જેટલીવાર સામાયિક કરે તેટલીવાર અશુભ કર્મ પ્રત્યે છેદે: એટલા માટે સામાયિક કરતી વખત શ્રાવક શ્રમણ એટલે સાધુ સમાન હોય. એ કારણ માટે તત્વના જાણ પુરૂષો ઘણીવાર સામાયિક કરે.

એ સામાયિક કરતા મનના દશ દોષ, વચનના દશ દોષ તથા કાયા ના બાર દોષ એ પ્રમાણેના બત્રીશ દોષ ન લાગે તે માટે નિરંતર ઉપયોગ રાખવો. તે બત્રીશ દોષ નીચે પ્રમાણે—

પ્રથમ મનના દશ દોષ—

૧. અવિવેકદોષ=સામાયિક લઈને સર્વ ક્રિયા કરે પણ મનમાં વિવેક નહિ તે. એટલે સામાયિક શું ચીજ છે. વિવેક સહિત સામાયિક કરવાથી કોણ તર્યા છે? એનાથી શું ફળ પ્રાપ્તિ છે? એ કોનું સાધન છે? એમાં કોણ પરસાધ્ય છે? વ્યવહાર સામાયિક કયું અને નિશ્ચય સામાયિક કયું? સામાયિકની શૈલીજિનેશ્વરે શા પ્રમાણે કહી છે? વિગેરે વિવેક વિના જે સામાયિક કરે તે અવિવેકનામા પ્રથમ દોષ.

૨. યશવાંછાદોષ=સામાયિક કરીને કીર્ત્તિની વાંછના કરે તે એટલે સામાયિકતો નિર્જરાનો હેતુ છે અને શિવપદનું સાધન છે તેને બદલે તેનાથી કીર્ત્તિનીજ વાંછના રાખે તે.

૩. ધનવાંછાદોષ=સામાયિક કરવાથી ધનપ્રાપ્તિની ઈચ્છા કરે તે.

૪. ગર્વદોષ=સામાયિક લઈને મનમાં ગર્વ આણવો કે હુંજ ધર્મને જાણનારો છું, હું કેવું સામાયિક કરૂં છું? બીજા મુર્ખ લોકો સામાયિક કરવામાં શું સમજે? વિગેરે કોઈ પણ રીતનો ગર્વ કરવો તે.

૫. ભયદોષ=એટલે કોઈ પણ પ્રકારના ભયથી લોકોમાં પોતાની નિંદા થશે એવી બીહીકથી સામાયિક કરે પણ મનમાં સામાયિક કરવાનો ભાવ ન હોય તે.

૬. નિદાનદોષ=સામાયિક કરીને ધનાદિકનું અથવા બીજી કોઈ ઈચ્છિત વસ્તુનું નિયાણું કરે તે. કારણ કે સામાયિકનું તો મહત્ ફળ છે તે ન વિચારતાં એવા ખોટા ફાયદા ઉપર લક્ષ રાખી નિયાણું કરી તે વેચી નાંખ્યા બરાબર થાય છે.

૭. સંશયદોષ=સંશય યુક્ત સામાયિક કરે તે એટલે મનમાં વિચારે કે સામાયિક કરીએ છીએ તો ખરા પણ આગળ ઉપર ફળ થશે કે નહિ? એમ તત્વની પ્રતીતિ નહિ તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮. કષાયદોષ=કષાય ભર્યું સામાયિક કરે તે. એટલે કોઈની સાથે રોષવર્તે છે તેથી તેને જવાબ દેવો નથી એમ ધારી સામાયિક કરી બેસે તે. સામાયિકમાં તો પૂર્વે જે કષાય કર્યા હોય તેનો ત્યાગ કરવો જોઈએ એવું રહસ્ય છે છતાં કષાય યુક્ત કરે તો તે દોષિત ગણાય.

૯. અવિનયદોષ=વિનય રહિત સામાયિક કરે તે. વિનય તે ગુરૂ અ-થવા સ્થાપનાચાર્યનો જાણવો.

૧૦. અબહુ માનદોષ=બહુ માન રહીત સામાયિક કરે પણ ભક્તિ-ભાવથી ન કરે તે.

હવે વચનના દશ દોષ—

૧. કુત્સિત વચન દોષ=જે વચન સાંભળી કોઈને લજ્જા, ભય, ક-ષાયાદિક ઉપજે તે કુત્સિત વચન. સામાયિક લઈને એવા કુત્સિત વચન બો-લે તે કુત્સિત વચન દોષ.

૨. સહસાત્કાર દોષ=સામાયિક લઈ આગળ પાછળનો ઉપયોગ રા-ખ્યા શિવાય અણવિચાર્યું વચન બોલે તે.

૩. અસદારોહણ દોષ=સામાયિકમાં કોઈને અસત્ દોષ ( તહોમત) મુકે તે.

૪ નિરપેક્ષ વાક્યદોષ=સામાયિક લઈ શાસ્ત્રની અપેક્ષા વિના સ્વમ-તિના વચન બોલે તે.

૫ સંક્ષેપદોષ=સામાયિકમાં સૂત્રપાઠે વચન સંક્ષેપ કરી બોલે, અક્ષર પાઠાદિ હીન કરીને કહે તે.

૬. કલહ કર્મદોષ=સામાયિકમાં કોઈની સાથે કલેશ કરે તે.

૭. વિકથાદોષ=સામાયિકમાં સજ્ઝાય, ધ્યાન, ધર્મકથા, મહા પુરૂષના ચરિત્ર અથવા તીર્થાદીકનો મહિમા વિગેરે ક્રિયા કરવાની કહી છે તે પ્રમાણે ન વર્તતા રાજ્યાદિક વિગેરેની ચાર વિકથા કરે તે.

૮. હાસ્યદોષ=સામાયિકમાં કોઈની મશ્કરી કરે તે.

૯. અશુદ્ધ પાઠદોષ=સામાયિકના સૂત્રાદિક ઉચ્ચાર કરે તેમાં મુખથી સંપદાહીન અથવા હ્રસ્વ અક્ષરને ઠેકાણે દીર્ઘ બોલે, કોઈ ઠેકાણે માત્રાહીન અથવા અધિક ઉચ્ચરે, અશુદ્ધ પાઠનો ઉચ્ચાર કરે, યદ્વાતદ્વા સૂત્રાક્ષર કહે તે.

૧૦. મુણમુણ વચનદોષ=સામાયિક લઈને ઉતાવળેથી પાઠનો ઉચ્ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે, સ્પષ્ટ પ્રકટ અક્ષર ન ઉચ્ચારે, પદનું, ગાથાનું ઠેકાણું માલુમ ન પડે, માખીની પેઠે બણબણાટ કરે, એમ ગડબડ કરીને પાઠ સંપૂર્ણ કરે તે.

હવે બાર કાયાના દોષ--

૧. સામાયિક કરતી વખતે પગ ઉપર પગ ચડાવીને બેસે, મહાત્મ્ય પર્યાય થકી વિનય ગુણની વૃદ્ધિની હાની કરે. વસ્ત્રવડે જાનુ બાંધીને બેસે તે પ્રથમદોષ. માટે જે વડે વિનય ગુણ રહે- ઉદ્ધતા ન જણાય, અજયણા ન થાય તેવી રીતે બેસવું.

૨. ચળાસનદોષ=આસનને સ્થિર ન રાખે, વારંવાર આગળ પાછળ ચળાયમાન કરે, પોતે ચપળતા ઘણી કરે તે.

૩. ચળદ્રષ્ટિદોષ=સામાયિક લઈને દ્રષ્ટિને નાસિકા ઉપર સ્થાપી, મનમાં શ્રુતોપયોગ રાખી, મૌનપણે ધ્યાન ન કરે, શાસ્ત્રાભ્યાસ કરવો હોય તો જયણાયુક્ત મુહપત્તિ રાખી પુસ્તક ઉપર દ્રષ્ટિ રાખવી, વિગેરે શુદ્ધ સામાયિકની શૈલી જે શાસ્ત્રકારે કહેલી છે તે. શૈલીનો ત્યાગ કરી ચકિત મૃગની જેમ ચારે દિશાએ નેત્રો ફેરવે તે ચળદ્રષ્ટિદોષ.

૪. સાવદ્ય ક્રિયાદોષ=કાયાવડે કાંઈ સાવદ્ય ક્રિયા કરે અથવા સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે તે.

૫. આલંબનદોષ=સામાયિકમાં દિવાલ પ્રમુખનો આશ્રય છોડી નિરવષ્ટંભ એકાસને બેસવું એ રીત છે તે રીત ત્યાગી દિવાલ થાંભલા વિગેરેને પીઠ લગાડીને બેસે તે. કારણ કે પુંજ્યા વિનાની દિવાલ ઉપર ઘણા જીવોનો વિશ્રામ હોય ત્યાં પીઠ લગાડતા ઘણા જીવોની વિરાધના થાય અથવા ઓઠીંગણ દઈ બેસવાથી નિદ્રાદિ પ્રમાદ વધે. અને તેથી શુભ ધ્યાનાદિ ક્રિયામાં ખામી આવે તેથી તે દોષ યુક્ત છે.

૬. આકુંચન પ્રસારણ દોષ=સામાયિક લઈને કારણ વિના હાથ પગ સંકોચે અથવા લાંબા કરે તે.

૭ આલસ્યદોષ=સામાયિકને વિષે અંગે આળસ મરડે. ટાચકા ફોડે, કરડકા કરે, કમ્મર વાંકી કરે વિગેરે પ્રમાદની બહુલતાના કાર્યો કરે તે.

૮ મોટનદોષ=સામાયિકમાં આંગુલિ પ્રમુખને વાંકી કરી કરડકા (ટાચકા) કાઢે તે.

૯ મલસ્દોષ=સામાકિ લઈને શરીરે ખસ પ્રમુખ થઈ હોય તે વલુરે, મેલ ઉતારે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ વિમાસણદોષ=સમાયકિમાં અંગ વિમાસણ કરાવે, હાથનો ટેકો દે, ગળે હાથ દઈને બેસે તે.

૧૧ નિદ્રાદોષ= સામાયિકમાં નિદ્રા કરે તે

૧૨ સામાયિકમાં ટાઢ પ્રમુખના પ્રબળથી પોતાને સમસ્ત અંગે સારી પેઠે વસ્ત્ર ઓઢે તે.

એ પ્રમાણે મનના દશદોષ, વચનના દશદોષ અને કાયાના ૧૨ એ સર્વ બત્રીશદોષ થાય. વિવેકી પુરૂષો તે દોષ ટાળીને શુદ્ધ સામાયિક કરે

(અપૂર્ણ)

# अमरदत्त अने मित्रानंद

(સાંધણ પાને ૧૫ થી)

ત્યાંથી નાસી ચાલતા **મિત્રાનંદ** મોટા અરણ્યને વિષે દાખલ થયો ત્યાં એક સુંદર સરોવર જોઈ તેમાંથી જળપાન કરી સમીપ રહેલા વટવૃક્ષ તળે વિશ્રામ લેવા સુઈ ગયો તેવામાં સર્પ તેને ડશ્યો. કોઈ તપસ્વી ત્યાં થઇને જતો હતો તેણે દયાથી વિદ્યાભિમંત્રિત જળ છાંટી તેને સજીવન કર્યો. પછી તપસ્વીના પુછવાથી તેણે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો એટલે તે પોતાના સ્થાન તરફ ગયો. પછી મિત્રાનંદ મનમાં વિચારવા લાગ્યો કે 'હું કદાગ્રહના વશથી મિત્રસંગથી ભ્રષ્ટ થયો. અરેરે આ કરતાં હું મૃત્યુ પામ્યો હોત તો સારૂં હતું! હવે કોઈ રીતે મારા મિત્ર પાસે જઉં' એમ વિચારી ત્યાંથી ચાલ્યો. રસ્તામાં ચોર લોકો તેને પકડી પોતાની પલ્લી પ્રત્યે લઈ ગયા. તેઓએ તેને મનુષ્યગ્રાહક વણિક પ્રત્યે વેચ્યો. તે વણિક **પાર-**સકુળ નામે દેશ તરફ જતો હતો. રસ્તામાં એક દિવસ ઉજ્જયનીનાં બાંહ્ય ઉદ્યાનને વિષે રાત્રિવાસો રહ્યા. રાત્રીનેવિષે મિત્રાનંદ પોતાના સ્વલ્પ બંધને તોડીને નગરની ખાઈના જાળીયા વાટે નગરમાં પેસવા ગયો.

તે સમયે તે નગરને વિષે ચોરનો ઉપદ્રવ બહુ વધ્યો હતો તેથી ભુપતિએ કોટવાળને ચોર પકડવા માટે ઘણી તાકીદ કરી હતી: રાત્રિ સમયે આવે માર્ગે મિત્રાનંદને ચોરની જેમ પ્રવેશ કરતો કોટવાળે જોયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતજ તેને પકડી મયુર બંધને બાંધી યષ્ટિ અને મુષ્ટિના પ્રહારે મારી પોતાના સેવકોને બોલાવી તેનો વધ કરવા આજ્ઞા કરી. તેઓ તેને શિપ્રા-નદીના તટ ઉપર આવેલા વટવૃક્ષ સમીપે લઈ ગયા તે સમયે હે રાજન્! તારો મિત્ર વિચારવા લાગ્યો કે ' પૂર્વે શબે જે વચન કહ્યું હતું. તે સત્ય થયું. શાસ્ત્રવિષે પણ કહ્યું છે કે—

यत्रवातत्रवायातु, यद्वातद्वाकरोत्वसौ;
तथापिमुच्यतेप्राणी, नपूर्वकृतकर्म्मणः १
विभवो निर्धनत्वंच, बंधनंमरणं तथा;
येनयत्रयदाऽम्यं, तस्यतत्रतदाभवेत्.
यातिदुरमसौजीवो, पापस्थानाद्भयद्भुत;
तत्रैवानीयतेभूयोऽः भिनवप्रौढकर्म्मणा. २

ભાવાર્થ—ગમે ત્યાં જાઓ અને ગમે તે કરો તો પણ આ પ્રાણી પૂર્વ કૃતકર્મથી મુકાતો નથી. વિભવ, નિર્ધનપણું, બંધન અને મરણ જે પ્રાણીને જ્યાં અને જ્યારે પામવાનું હોય છે તે પ્રાણીને ત્યાં અને ત્યારેજ પ્રાપ્ત થાય છે. આ જીવ દુઃખકારક સ્થાનકથી ભય પામીને દૂર જતો રહે છે પરંતુ તેના અભિનવ પ્રૌઢ કર્મો તેને ત્યાંજ પાછો લાવે છે. આ પ્રમાણે વિચારે છે તેવામાં તો આરક્ષક પુરૂષોએ તેને વૃક્ષ ઉપર બાંધ્યો અને તરતજ તેને પ્રાણ વિયુક્ત કર્યો. અન્યદા ત્યાં રમનાર બાળકોની અડોલિકા પણ ઉડીને કર્મયોગે તેના મુખ વિષે પડી."

પછી તે અમરદત્ત રાજા ગુરૂના મુખથી પોતાના મિત્ર સબંધી એવો વૃત્તાંત શ્રવણ કરી તેના ગુણોનું સ્મરણ કરતો અત્યંત વિલાપ કરવા લાગ્યો. દેવી રત્નમંજરી પણ તેના ગુણ સમુહને યાદ કરી મહત્ દુઃખ ધારણ કરવા લાગી. બંનેને એમ વિલાપ કરતા જોઈ ગુરૂ મહારાજાએ કહ્યું.

હે રાજન્ દુઃખનો ત્યાગ કરી ભવસ્વરૂપનો વિચાર કરો. આ ચાતુર્ગતિક સંસારને વિષે પરમાર્થથી વિચારતા પ્રાણિને સુખતો છેજ નહિ. નિરંતર દુઃખંજ વર્ત્તે છે. સંસાર મધ્યે એવો કોઇ પ્રાણિ નથી કે જેને મૃત્યુએ પીડા નહિ પમાડી હોય. ચક્રવર્તી વાસુદેવ પ્રમુખ મહા પુરૂષો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરણને શરણ થયા છે. માટે હે રાજન્! શોકનો ત્યાગ કરી ધર્મકાર્યને વિષે ઉદ્યમ કરો જેથી આવી દુ:ખ સંતતિ પુન:પ્રાપ્ત ન થાય.'

રાજા: 'સ્વામીન્! હું ધર્મોદ્યમ કરીશ પરંતુ મિત્રાનંદનો જીવ ત્યાંથી ચવીને ક્યાં ઉત્પન્ન થયો છે તે કહો.'

ગુરૂ: ત્યાંથી ચવીને તારી સ્ત્રી રત્નમંજરીની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો છે. કારણ કે તેણે મૃત્યુ સમયે તેવા પ્રકારનું ચિંતવન કર્યું હતું. પરિપૂર્ણ સમયે તેનો જન્મ થશે અને કમલગુપ્ત એવું તેનું અભિધાન થશે.

રાજા: 'સ્વામીન્! મહાત્મા મિત્રાનંદને વિના અપરાધે ચોરની જેમ મરણ કેમ પ્રાપ્ત થયું? દેવી રત્નમંજરીને માથે મારીનું કલંક કેમ આવ્યું? મારે બાળપણથીજ બંધુ વિયોગ કેમ થયો? અને અમારે પરસ્પર સ્નેહની અધિકતા શા કારણથી થઈ? તે કહો.'

પછી મુનિ મહારાજા જ્ઞાનની પ્રયોજના કરી તે સંબંધી સ્વરૂપ જાણી બોલ્યા 'હે નરાધિપ! અહીંથી ત્રીજે ભવે તું ક્ષેમંકર નામે કૌટંબીક હતો. તારે સત્યશ્રી નામે સ્ત્રી હતી અને તારા ઘરને વિષે ચંડસેન નામનો કર્મકર હતો. તે કર્મકર અત્યંત વિનીત હોવાથી દંપતિને પ્રીય હતો. એક દિવસ તારા ક્ષેત્રને વિષે તે કામ કરતો હતો તેવામાં પાડોશીના ક્ષેત્ર વિષે કોઈ પથિકને ધાન્ય શંબા ગ્રહણ કરતો જોઈ બોલ્યો 'અહો! આ ચોર છે તેને આ વૃક્ષ ઉપર લટકાવો' ક્ષેત્રસ્વામિએ તેને કાંઈપણ ન કહ્યું. એ કારણથી તે પથિક પોતાના મનમાં ખેદ પામ્યો અને બોલ્યો જે આ ક્ષેત્રનો માલેક કાંઈપણ બોલતો નથી પરંતુ પરક્ષેત્રને વિષે રહેલો આ પાપાત્મા કેવા નિષ્ઠુર વચન કહે છે. એમ ચિંતવતો તે પોતાના ગ્રહ પ્રત્યે ગયો. તે કર્મકરે તે સમયે કોપ સહિત નિષ્ઠુર વચન બોલવાથી નિવડ કર્મ બાંધ્યું.

એક દિવસ ભોજન કરતા પુત્ર વધુને ગળે કવળ અટક્યો. તે સમયે કૌટંબિકપત્ની સત્યશ્રી બોલી 'રે નિશાચરી! તું નાનાં કવળે કેમ ભોજન કરતી નથી જેથી ગળે ન અટકે' એમ બોલવાથી તેણીએ નિવડકર્મ બાંધ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર ક્ષેમંકર કૌટંબિકે કર્મકર પ્રત્યે કહ્યું 'આજે અહીંથી થોડે દુરનો એક ગામે કાંઈ કામ છે માટે તારે ત્યાં જવું પડશે.' તે સમયે કર્મકર બોલ્યો 'આજે હું મારા સ્વજનને મળવાને ઉત્કંઠિત છું', એમ સાંભળી ઈર્ષાભાવથી કૌટંબિક બોલ્યો 'તને સ્વજનનો મેળાપ કોઈ દિવસ ન થાઓ.' તેના એવા વચનથી કર્મકરના મનમાં ખેદ થયો પણ ત્યાંજ સ્થિત રહ્યો.

એવામાં મુનિદ્વંદ્વ તેના ઘર પ્રત્યે આહારાર્થે આવ્યું. તે સમયે તે કૌટંબિક પુરૂષે હર્ષસહીત સ્ત્રીપ્રત્યે કહ્યું 'મુનિમહારાજાને દાન આપો! તે પણ પ્રમોદ પામતી આ સત્પાત્રનો યોગ છે એમ વિચારતી–શુભ ભાવના ભાવવા લાગી અને પ્રાશુક અન્નપાનાદિકવડે મુનિમહારાજને પ્રતિલાભ્યા-તે સમયે સમીપ બેઠેલો કર્મકર મનમાં વિચારવા લાગ્યો કે 'આ જાયાપતી ધન્ય છે જેઓએ તે ભોજન સમયે પોતાના ગ્રહપ્રત્યે પધારેલા મુનિમહારાજાનો આ પ્રમાણે સત્કાર કર્યો' એવામાં દૈવયોગે તે ત્રણેના મસ્તક ઉપર વિદ્યુત્ પડી જેથી ત્રણે સાથે કાળ કરી સૌધર્મ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ક્ષેમંકરનો જીવ ચવીને હે રાજન્ તું થયો. સત્યશ્રીનો જીવ ચવીને આ રત્નમંજરી થઈ. કર્મકરનો જીવ ચવીને તારો મિત્ર મિત્રાનંદ થયો. જે જીવે વચનવડે જે જે કર્મનો બંધ કર્યો હતો તેને આ ભવે તે તે કર્મ ભોગવવા પડ્યા. ભો રાજન્, પૂર્વ ભવે હસતા જે કર્મ બાંધ્યું હોય તે પરભવે રૂદન કરતા ભોગવવું પડે છે."

ગુરૂ મહારાજા એ પ્રમાણે બોલી રહ્યા તેવામાં રાજારાણી મુર્છા પામ્યા અને બંનેને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. પૂર્વ ભવનું સમગ્ર સ્વરૂપ જાણ્યું. પછી ચેતના પામીને રાજા બોલ્યો 'હે ભગવન્! જ્ઞાનભાસ્કરવડે આપે જે કહ્યું તે સર્વે તેજ પ્રમાણે હમણાં મેં પ્રત્યક્ષ જોયું. હવે જે ધર્મનેવિષે મારી યોગ્યતા હોય તે ધર્મ કૃપા કરી મને કહો.' ગુરૂએ કહ્યું 'પુત્ર ઉત્પન્ન થયા પછી તને દિક્ષા પ્રાપ્ત થશે. અધુના તારે શ્રાદ્ધ ધર્મની યોગ્યતા છે. એટલે રાજાએ સ્ત્રીસહીત શ્રાવકના દ્વાદશ વ્રત અંગીકાર કર્યા.

(અપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન પંચાંગ.

(સંવત ૧૯૪૬ ના ચૈતરથી સંવત ૧૯૪૭ ના ફાગણ સુધી.)

જૈન રીતિને અનુસરીને વાર્ષિક તિથિઓની વધઘટ તથા વાર્ષિક જૈન પર્વ દાખલ કરેલ હોવાથી જૈન વર્ગને બહુજ ઉપયોગી છે. સૂર્યોદય તથા સૂર્યાસ્તના વખતનું કોષ્ટક તથા દિવસ અને રાત્રીના ચોઘડીયાનું કોષ્ટક વિગેરે દાખલ કરેલા હોવાથી વિશેષ ઉપયોગી છે. માટે તેનો લાભ લેવા ઇચ્છનારે મંગાવી લેવુ. કીંમત એક આનો. ચાર નકલ ઉપર મંગાવનારને પોસ્ટેજ માફ.

---

## જાહેર ખબર.

તમામ પ્રકારની જૈનધર્મની ચોપડીઓ વ્યાજબી કીંમતે અમારી ઓફીસમાંથી મળશે. પરદેશવાળાને પોસ્ટમાં મોકલશું.

---


## "એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ પ્રેસ.

ઉપરના નામનું છાપખાનું થોડી મુદત થયાં અમોએ અમદાવાદમાં પાનકોરને નાકે ધાંચીની વાડીમાં ઉઘાડયું છે, સાંચા, ટાઈપ, વિગેરે તદન સર્વ સામન નવોજ છે. અમારા પ્રેસમાં ઇંગ્રેજી, ગુજરાતી, બાળબોધી, વિગેરે સઘળું કામ થાય છે. તથા ઘણીજ સારી રીતે અને કીફાયતથી તેમજ માગેલી મુદતમાં કરી આપીએ છીએ. માટે જે સાહેબોને કાંઈ છપાવવું હોય તેમણે નીચે સહી કરનારને મળવું અથવા પત્ર લખવો.

અમદાવાદ
પાનકોરને નાકે ધાંચીની વાડી.

નથુભાઇ રતનચંદ મારફતીઆ.
એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ
પ્રેસના માલીક.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લવાજમની પહોંચ.

૧—૩ શા. તલકચંદ ભાઈચંદ.
૧—૩ શા. સાકરચંદ ખેતશી.
૧—૩ વારા. પ્રેમજી ખીમજી.
૧—૩ મેહેતા. રતનચદ ઉજમચંદ
૧—૩ શા. મગનલાલ મેળાપચંદ
૧—૦ શા. જુઠા વાલજી.
૧—૦ સંઘવી. દામોદર નેમચંદ
૧—૩ શા. દેવકરણ ઝવેરચંદ.
૧—૩ શા. ગીરધર લાલચંદ.
૧—૩ ગાંધી કાળીદાસ દેવકરણ.
૨—૬ વકીલ.જમનાદાસ નગીનદાસ
૧—૩ મેતા. નરશી અમરશી.
૨—૬ શા. મેરાજ શામજી.
૧—૦ શા. ઝવેર ભાઈચંદ.
૧—૩ શા. જગજીવન ડાયાભાઈ.
૧—૩ શા. ખુબચંદ રાઈચંદ.
૨—૬ શેઠ. ત્રીકમલાલ વાંડીલાલ.
૧—૩ વકીલ. મગનલાલ સરૂપચંદ.
૧—૩ શા. જેઠીદાસ સાંકળચંદ.
૧—૩ શેઠ. ગુલાબચંદ હંસરાજ.

૧—૦ શા. ભીખા માનચંદ.
૧—૩ શેઠ ઘેલચંદભાઈ જસરાજ.
૧—૪ શા ડાયાશા કરમચંદ.
૧—૩ શા. ચતુર ગોકળ.
૧—૩ શા. મુળજી ઝવેર.
૧—૩ શા. બકોર ચત્રભજ.
૧—૦ ભાવસાર. લખમીચંદ ગીરધર
૧—૩ શા. પદમશી નેમચંદ.
૨—૬ શેઠ. નેમચંદ મેળાપચંદ.
૧—૩ શા. પીતામર આણંદજી
૧—૦ શા. પ્રેમચંદ પીતામ્બરદાસ.
૧—૩ શા. છગનલાલ જીવરાજ
૦—૨ શા. ચુનીલાલ મોતીચંદ
૧—૩ શા. ઉતમચંદ કરમચંદ
૨—૭ રા. રા મુળચંદ બાવાભાઈ
૧—૩ શા. લલુભાઈ સુરચંદ
૧—૪ શા. નેમચંદ ભીમજી
૨—૭ ડાક્તર. જમનાદાસ પ્રેમચંદ
૨—૦ શા. પાનાચંદ તેજા

For Private And Personal Use Only